માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા સંદર્ભે
માઇનોરીટી સ્ટેટસ સર્ટીફીકેટ બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-પરચ-૨૦૦૬-૧૦૪-છ,
સચિવાલય, ગાંધીનગર

તા. 7 OCT 2006

વંચાણે લીધો:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૭-૨-૦૬નો પત્ર ક્રમાંક-પરચ-૨૦૦૬-૧૦૪-છ

(૨) કમિશનરશ્રી, શાળાનો તા.૫-૪-૨૦૦૬નો પત્ર ક્રમાંક-બમશ-મા-૨-ઘ-૨૦૦૬-૬૦૫૫ તથા તા.૧૮-૪-૨૦૦૬નો પત્ર ક્રમાંક-બમશ-મા-૨-ઘ-૨૦૦૬-૬૫૮૫-૮૬

ઠરાવ:-

આમુખ ક્રમાંક-(૧)માં દર્શાવેલ તા.૭-૨-૦૬ના પત્ર અન્વયે માધ્યમિક શાળા સંદર્ભે લઘુમતી શાળા પ્રમાણપત્ર (માઇનોરીટી સ્ટેટસ સર્ટીફીકેટ) આપવાની સત્તા કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગરને અપાવાનો નિર્ણય લીધેલ તેના સંદર્ભે કમિશનરશ્રી, શાળાએ તેમના આમુખ ક્રમાંક-૨ માં દર્શાવેલ પત્રો અન્વયે આવુ પ્રમાણપત્ર આપતી વખતે ધ્યાને લેવાના માર્ગદર્શન સિધ્ધાંતો નકકી કરવા દરખાસ્ત કરેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા સંદર્ભે લઘુમતી શાળા પ્રમાણપત્ર (માઇનોરીટી સ્ટેટસ સર્ટીફીકેટ) આપતી વખતે ધોરણો નકકી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના માર્ગદર્શક ધોરણો રાખવાનુ આથી ઠરાવવામાં આવે છે.

૧. જયારે (સંસ્થા) ટ્રસ્ટની સ્થાપના થાય ત્યારે તેને ચલાવતા સભ્યો ભાષાકીય કે ધાર્મિક રીતે લઘુમતી કોમના હોવા જોઇશે.
૨. ભાષાકીય કે ધાર્મિક લઘુમતી કોમના હોવા અંગેના આધારીત પુરાવાઓ રજીસ્ટ્રેશન વખતે રજુ કરવાના રહેશે.
૩. ટ્રસ્ટના બંધારણમાં ભાષાકીય કે ધાર્મિક લઘુમતી કોમને ઉત્તેજન કે વિકાસ માટેનો ઉદેશ હોવો જોઇશે.
૪. ટ્રસ્ટ લઘુમતી કોમ દ્વારા સ્થપાયેલ અને સંચાલન લઘુમતી ટ્રસ્ટ દ્વારા થતુ હોવુ જોઇશે.
૫. જયાં શૈક્ષણિક સંસ્થા આવેલ છે તે ચોકકસ વિસ્તારની વસ્તી ધ્યાને લેવાને બદલે રાજયની કુલ જે તે માઇનોરીટી વસ્તીને અરજદાર શાળા/સંસ્થાની ભાષાકીય કે ધાર્મિક લઘુમતી નકકી કરતી વખતે ધ્યાને લેવાની રહેશે.

૬. કોઇ વ્યકિત કે જેની માતૃભાષા ગુજરાતી સિવાયની અન્ય છે તેને ભાષાકીય લઘુમતી અને જેનો ધર્મ હિન્દુ સિવાયનો છે તેને ધાર્મિક લઘુમતી તરીકે ગણવાની બાબત ધ્યાને લેવાની રહેશે.

૭. આ સિવાયની બાબતો નામ.હાઇકોર્ટ/સુપ્રિમ કોર્ટના કોઇ ચુકાદાઓ હોય તો તે સિધ્ધાંતો પણ ધ્યાને લેવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એસ.એમ.ગામિત)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ:-

-કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર

-સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

-વિભાગની સર્વે શાખાઓ

-સીલેકટ ફાઇલ

-નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ